# ગુજરાત સ્ટેટ એલિજીબીલિટી ટેસ્ટ

**વિષય: શિક્ષણ** GSET અભ્યાસક્રમ **કોડ નંબર: ૧૩**

**એકમ ૧: શૈક્ષણિક અભ્યાસો**

અ. ભારતીય દાર્શનિક વિચારધારાઓનું પ્રદાન (સાંખ્યયોગ, બૌધ્ધ, અને જૈન દર્શનો); વિધ્યા, દયાનંદનું તત્વજ્ઞાન અને ઇસ્લામની પરંપરાઓમાં શિક્ષણનાં લક્ષ્યો, પધ્ધતિઓ તથા પ્રમાણભૂત જ્ઞાન-પ્રાપ્તિની પધ્ધતિઓના વિશેષ સંદર્ભમાં

બ.પાશ્ચાત્ય વિચારધારાઓ (આદર્શવાદ, વાસ્તવવાદ, પ્રકૃતિવાદ, વ્યવહારવાદ, માર્કસવાદ, અસ્તિત્વવાદ)નું માહિતી, જ્ઞાન અને ડાહપણનાં વિશેષ સંદર્ભમાં પ્રદાન

ક. શિક્ષણનાં સમાજશાસ્ત્રનાં અભિગમો (પ્રતિકાત્મક આંતરક્રિયા, સંરચનાલક્ષી કાર્યવાદ અને સંઘર્ષ સિધ્ધાંત); સામાજિક સંસ્થાઓની વિભાવના, પ્રકારો અને કાર્યો (કુટુંબ, શાળા, અને સમાજ); સામાજિક આંદલનોની વિભાવના અને તેના સિધ્ધાંતો/થિયરી (સાપેક્ષ વંચિતતા, સંશાધનો ઉભા કરવા/mobilization, રાજનૈતિક પ્રક્રિયા સિધ્ધાંત અને નૂતન સામાજિક આંદોલન સિધ્ધાંત)

ડ.સમાજીકરણ અને શિક્ષણ, શિક્ષણ અને સંસ્કૃતિ; સામાજિક પરિવર્તન માટેના શૈક્ષણિક ચિંતનમાં વિચારકોનું પ્રદાન (સ્વામી વિવેકાનંદ, રવિન્દ્રનાથ ટાગોર, મહાત્મા ગાંધી, મહર્ષિ અરવિંદ, જે.કૃષ્ણામૂર્તિ, પાઉલો ફ્રાયર, વોલ્સટોનક્રાફ્ટ, નેલ નૉડિંગ્ઝ અને સાવિત્રીબાઈ ફૂલે); ભારતના બંધારણમાં સમાવિષ્ટ રાષ્ટ્રીય મૂલ્યો-સમાજવાદ, બિનસાંપ્રદાયિકતા, ન્યાય, સ્વાધીનતા, લોકશાહી, સ્વતંત્રતા (શિક્ષણનાં વિશેષ સંદર્ભમાં)

**એકમ 2: ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, અને શિક્ષણનું અર્થશાસ્ત્ર**

અ. શિક્ષણ પ્રશિક્ષણમાં સમિતિઓ અને પંચોનું પ્રદાન; માધ્યમિક શિક્ષણ પંચ (૧૯૫૩), કોઠારી પંચ (૧૯૬૪-૬૬), શિક્ષણની રાષ્ટ્રીયનીતિ (૧૯૮૬, ૧૯૯૨), શિક્ષકોનું રાષ્ટ્રીય પાંચ (૧૯૯૯), રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા (NCF ૨૦૦૫), રાષ્ટ્રીય જ્ઞાન આયોગ (૨૦૦૭), યશપાલ સમિતિ અહેવાલ (૨૦૦૯), શિક્ષક પ્રશિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા (NCF ૨૦૦૯), જસ્ટિસ વર્મા સમિતિનો અહેવાલ (૨૦૧૨)

બ. નીતિઓ અને શિક્ષણ વચ્ચેનો સંબંધ, શિક્ષણનિતીઓ અને રાષ્ટ્રીય વિકાસ વચ્ચેનાં જોડાણ, શિક્ષણનીતિનાં નિર્ધારક પરિબળો અને નીતિ ઘડતરની પ્રક્રિયા, સાંપ્રત પરિસ્થિતિનું વિશ્લેષણ, નિતીલક્ષી વિકલ્પોનું સર્જન, નિતીલક્ષી વિકલ્પોનું મૂલ્યાંકન, નીતિવિષયક નિર્ણયપ્રક્રિયા, નીતિના અમલીકરણ માટેનું આયોજન, નીતિની અસરોનું મૂલ્યાંકન અને પશ્ચાદવર્તી નિતીચક્રો

ક. શિક્ષણના અર્થશાસ્ત્રની વિભાવના: શિક્ષણમાં પડતર-લાભ વિશ્લેષણ વિરુધ્ધ પડતર-નીપજ વિશ્લેષણ (Cost Benefit Analysis Vs Cost Effective Analysis in Education), ઉચ્ચશિક્ષણમાં આર્થિક વળતર-સિગ્નલિંગ સિધ્ધાંત વિરુધ્ધ માનવમૂડી સિધ્ધાંત; શિક્ષણમાં નાણાંશાસ્ત્ર(Finance)ની વિભાવના; સૂક્ષ્મ અને બૃહદ સ્તર પાર શિક્ષણિક નાણાંવ્યવસ્થા, અંદાજપત્ર-રચનાની વિભાવના

ડ. રાજનીતિ અને શિક્ષણ વચ્ચેનો સંબંધ; શિક્ષણના રાજનૈતિક પરિપ્રેક્ષ્યો (ઉદારવાદી,રૂઢિયુસ્ત અને આલોચનાત્મક); રાજનીતિ સમજવા માટેના અભિગમો (વર્તનવાદ, પ્રણાલી વિશ્લેષણ સિધ્ધાંત અને તર્કનિષ્ઠ પસંદગીનો સિધ્ધાંત), રાજકીય વિકાસ અને રાજકીય સમાજીકરણ માટેનું શિક્ષણ

## એકમ ૩: અધ્યેતા અને અધ્યયન પ્રક્રિયા

અ.વૃધ્ધિ અને વિકાસ: વિભાવના અને તેના સિધ્ધાંતો; બોધાત્મક પ્રક્રિયાઓ તથા બોધાત્મક વિકાસના તબક્કાઓ; વ્યક્તિત્વ: વ્યાખ્યાઓ અને સિધ્ધાંતો/થિયરી (ફ્રોઇડ કાર્લ રોજર્સ, ગોર્ડન ઓલપૉર્ટ, મેક્સ વર્થાઇમર, કર્ટ કોફ્કા), માનસિક આરોગ્ય અને માનસિક સ્વાસ્થ્ય

બ. બુધ્ધિના એકમલક્ષીથી માંડીને બહુવિધ સુધીના અભિગમો:સામાજિક બુધ્ધિ, બહુવિધ બુધ્ધિ અને સાંયોગિક બુધ્ધિ, સ્તનબર્ગ અને ગાર્ડનરની બુધ્ધિ વિષયક થિયરી; બુધ્ધિનું માપન, સમસ્યા ઉકેલ, વિવેચનાત્મક વિચારણા, અધિબોધન અને સર્જનશીલતાની વિભાવના

ક. અધ્યયનના સિધ્ધાંતો અને ઉપપત્તિ/થિયરીઓ: અધ્યયનની વર્તનવાદી, બોધાત્મક અને સામાજિક થિયરીઓ; સામાજિક અધ્યયન અને સામાજિક ક્ષમતાઓની વિભાવના, સામાજિક સંબંધો અને સમાજીકરણ ધ્યેયોની સમજ

ડ. માર્ગદર્શન અને સલાહ: સ્વરૂપ, સિધ્ધાંતો અને જરૂરિયાત; માર્ગદર્શનના પ્રકારો (શૈક્ષણિક, વ્યવસાયિક, વ્યક્તિલક્ષી, આરોગ્ય અને સમાજલક્ષી), સલાહના અભિગમો: દિશાસૂચક, બિંદીશસૂચક અને વ્યવહારુ; આલ્બર્ટ એલિસનો બોધાત્મક વર્તનલક્ષી (REBT) અભિગમ, કાર્લ રોઝર્સનો માનવતાવાદી, વ્યક્તિકેન્દ્રિ સલાહ અભિગમ; સલાહની થિયરીઓ (વર્તનવાદી, તર્કનિષ્ઠ, સાંયોગિક અને વાસ્તવવાદી)

## એકમ ૪: શિક્ષક પ્રશિક્ષણ

અ. શિક્ષક પ્રશિક્ષણનાં અર્થ, સ્વરૂપ અને વ્યાપ, શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમનાં પ્રકારો, શિક્ષક પ્રશિક્ષણનું માળખું, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ-માધ્યમિક સ્તરના અભ્યાસક્રમ અને એ.ન.સી.આ.ર.ટી અને એન.સી.ટી.ઈ ના અભ્યાસક્રમ લાગતા દસ્તાવેજોમાં અભ્યાસસક્રમ પાછળનું દર્શન, પૂર્વસેવા શિક્ષક પ્રશિક્ષણનાં ઘટકોનું સંગઠન: અધ્યાપનના અભિગમો (આધારશિલા અભ્યાસક્રમો માટેના) સ્પષ્ટીકરણ, સહકારી અને અનુભવીક અધ્યયન

બ. શુલમેન, ડેન્ગ તથા લ્યૂક અને હાબરમાસના દ્રષ્ટિબિંદુ અનુસાર શિક્ષક પ્રશિક્ષણની જ્ઞાનાત્મક આધારશીલાની સમાજ, ચિંતનાત્મક અધ્યાપનનો અર્થ અને તેને આગળ ધપાવવા માટેની પ્રયુક્તિઓ, શિક્ષક પ્રશિક્ષણનાં પ્રતિમાનો વર્તનવાદી, ક્ષમતા આધારિત અને પૃચ્છાકેન્દ્રિ

ક.સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણની વિભાવના, જરૂરિયાત, ઉદ્દેશ અને વ્યાપ, સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણનું માળખું અને પ્રકાર, જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણની એજન્સી અને સંસ્થાઓ (SSA, RMSA, SCERT,NCERT, NCTE, અને UGC), સેવાકાલેન શિક્ષક પ્રશિક્ષણનું આયોજન કરવામાં ધ્યાનમાં રાખવાની પાયાની બાબતો

ડ. વ્યવસાય અને વ્યવસાયિકતાની વિભાવના, અધ્યાપન એક વ્યવસાય તરીકે, શિક્ષકની વ્યાવસાયિક આચારસંહિતા, શિક્ષક-વિકાસને અસરકર્તા વ્યક્તિગત અને સંદર્ભલક્ષી પરિબળો, ICTનો સમન્વય, શિક્ષક પ્રશિક્ષણના વ્યાવસાયીકરણ માટે ગુણવત્તાનું સંવર્ધન, શિક્ષક પ્રશિક્ષણમાં નવીનીકરણો

## એકમ ૫: અભ્યાસક્રમ અભ્યાસો

અ. અભ્યાસક્રમની વિભાવના અને સિધ્ધાંતો, અભ્યાસક્રમ વિકાસની પ્રયુક્તિઓ, અભ્યાસક્રમ વિકાસની પ્રક્રિયાના તબક્કા, અભ્યાસક્રમ આયોજનની આધારશિલા- તાત્વિક આધારશિલાઓ (રાષ્ટ્રીય અને લોકશાહીય), સમાજશાસ્ત્રીય આધારશિલા (સામાજિક-સાંસ્કૃતિક પુનર્રચના), માનસશાસ્ત્રીય આધારશિલા (અધ્યેતાની જરૂરિયાતો અને અભિરુચિઓ), સ્તર-નિર્દેશ (બેન્ચ-માર્કિંગ) અને રાષ્ટ્ર કક્ષાની વૈધાનિક સંસ્થાઓ- યુ.જી.સી, એન.સી.ટી.ઇ અને યુનિવર્સિટીની અભિયાસક્રમ વિકાસમાં ભૂમિકા

બ. અભ્યાસક્રમ સંરચનાના પ્રતિમાન: પરંપરાગત અને સમકાલીન પ્રતિમાનો, વિધાકીય/વિધાશાખા આધારિત પ્રતિમાન, ક્ષમતા આધારિત પ્રતિમાન, સામાજિક કાર્યકલાપ/પ્રવૃત્તિ પ્રતિમાન (સામાજિક પુન:રચના),

વ્યક્તિગત જરૂરિયાતો અને અભિરુચિ પ્રતિમાન, નીપજ આધારિત સંઘટનાત્મક પ્રતિમાન, દરમિયાનગીરી પ્રતિમાન, (સંદર્ભ, આગત, પ્રક્રિયા, નીપજ) મોડેલ

ક. અનુદેશ પ્રણાલી, અનુદેશ માધ્યમો, અભિગમો: વ્યવહારના સંવર્ધન માટેની પ્રવિધિઓ અને સામગ્રી, અભ્યાસક્રમ મૂલ્યાંકનના અભ્યાસક્રમ અને અનુદેશના અભિગમો (વિધાકીય અને ક્ષમતા આધારિત અભિગમો), અભ્યાસક્રમ મૂલ્યાંકનના પ્રતિમાનો: ટાયલરનું પ્રતિમાન, સ્ક્રિવેનનું પ્રતિમાં, કિર્કપેટ્રિકનું મોડેલ

ડ. અભ્યાસક્રમ પરિવર્તનનો અર્થ અને પ્રકારો, અભ્યાસક્રમ પરિવર્તનને અસરકર્તા પરિબળો, અભ્યાસક્રમ પરિવર્તનના અભિગમો, અભ્યાસક્રમ પરિવર્તન અને સુધારણામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, અને શિક્ષણના વહીવટકર્તાઓની ભૂમિકા, અભ્યાસક્રમ સંશોધનનો વ્યાપ, અભ્યાસક્રમ અભ્યાસોના સંશોધનના પ્રકારો

## એકમ ૬: શિક્ષણમાં સંશોધન

અ. શૈક્ષણિક સંશોધનનો અર્થ અને વ્યાપ, વૈજ્ઞાનિક પદ્ધતિનો અર્થ અને સોપાનો, વૈજ્ઞાનિક પદ્ધતિનાં લક્ષણો (પુન: પ્રયોગ ક્ષમતા, ચોક્કસાઈ, મિથ્યાપનના, મિતવ્યયતા), વૈજ્ઞાનિક પદ્ધતિનાં પ્રકાર (અન્વેષણાત્મક, સ્પષ્ટીકરણાત્મક અને વર્ણાત્મક), વૈજ્ઞાનિક પ્રવૃત્તિ તરીકે સંશોધનના પ્રકારોઃ સમસ્યાઉકેલ, સિદ્ધાંત નિર્માણ, આગાહી, સંશોધનના પ્રકારો (મૂલગત, વ્યવહારિક, ક્રિયાત્મક), શૈક્ષણિક સંશોધનના અભિગમો (સંખ્યાત્મક અને ગુણાત્મક), શૈક્ષણિક સંશોધનની યોજનાઓ (વર્ણાત્મક, પ્રયોગાત્મક, ઐતિહસિક)

બ.ચલ:વિભાવના, ઘટક અને ચલનો અર્થ, ચલના પ્રકારો (સ્વતંત્ર, પરંગત, બાહ્ય/વટાળ, આંતરવર્તી, પરિવર્તક), ઉત્કલ્પના-વિભાવના, સ્ત્રોત, પ્રકાર (સંશોધન, દિશાસૂચક, બિનદિશાસૂચક, શૂન્ય), ઉત્કલ્પનાની રચના કરવી, સારી ઉત્કલ્પનાનાં લક્ષણો, નમૂના પસંદગીની પ્રવિધિઓ (સંભાવના અને બિનસંભાવના નમૂનાપસંદગી), સંશોધનનાં ઉપકરણો- ઉપકરણની યથાર્થતા, વિશ્વાસનીયતા અને પ્રમાણીકરણ, ઉપકરણના પ્રકારો (ક્રમ માપદંડ, વલણ માપદંડ, પ્રશ્નાવલી, અભિયોગ્યતા કસોટી સિદ્ધિ કસોટી, સંસોધિની), સંશોધનની પ્રવિધિઓ (અવલોકન, મુલાકાત, અને પ્રક્ષેપણ પ્રવિધિઓ)

ક. માપન માટેના માપદંડોનાં પ્રકાર (અંકિત, ક્રમાંકિત, અંતરાલ અને ગુણોત્તર): સંખ્યાત્મક ડેટા વિશ્લેષણ: વર્ણાત્મક માહિતી વિશ્લેષણ (મધ્યવર્તી સ્થિતિનાં માપ), ચલિતતા, વિશ્વાસ અંતરાલની સીમાઓ અને માહિતીની આલેખાત્મક રજૂઆત); ઉત્કલ્પનાની ચકાસણી (પ્રકાર-૧ અને પ્રકાર-૨ ની ભૂલ), સાર્થકતાની કક્ષા, અંકશાસ્ત્રીય કસોટીનું સામર્થ્ય અને અસરનું કદ, પ્રાચલીય પ્રવિધિઓ, અપ્રાચલીય પ્રવિધિઓ, પ્રાચલીય પ્રવિધિના વિનિયોગ માટે પાલન કરવાની શરતો; આનુમાનિક માહિતી વિશ્લેષણ, અંકશાસ્ત્રીય પ્રવિધિઓનો ઉપયોગ અને અર્થઘટન: સહસંબંધ, t-કસોટી, z-કસોટી, ANOVA કાઈ-વર્ગ (સમ સંભાવ્ય અને સમાધારણા સંભાવ્યા ઉત્કલ્પના), ગુણાત્મક માહિતીનું વિશ્લેષણ-માહિતી અપચય અબે વર્ગીકરણ, આંગણાત્મક વિશ્લેષણ અને સાતત્યપૂર્ણ તુલના, ત્રિકોણીકરણની વિભાવના

ડ. ગુણાત્મક સંશોધન યોજનાઓ: ભૂમિગત સિધાન્તની યોજનાઓ (પ્રકાર, લક્ષણો, યોજનાઓ, ભૂમિગત સિદ્ધાંત આધારિત સંશોધનકાર્યમાં સોપાન, ભૂમિગત સિદ્ધાંતની સબળાઇ અને નબળાઈઓ); કથાત્મક સંશોધન યોજનાઓ (અર્થ અને ચાવીરૂપ લક્ષણો, કથાત્મક સંશોધનકાર્યનાં સોપાન); વ્યક્તિ અભ્યાસ (અર્થ, લક્ષણો, ઘટકો, પ્રકારો અને વ્યક્તિ અભ્યાસકાર્યનાં સોપાનો તથા સબળાઈ અને નબળાઈઓ); એથ્નોગ્રાફી (નૃવંશવિજ્ઞાન) (અર્થ, લક્ષણો, નિહીતગૃહીતો, એથ્નોગ્રાફીક સંશોધનકાર્યનાં સોપાનો, એથ્નોગ્રાફીક જર્નલ લખવાં, સબળાઇ અને નબળાઈઓ), મિશ્ર પદ્ધતિ યોજનાઓ (લક્ષણો, પ્રકારો, ત્રિકોનીકરણ, સ્પષ્ટીકરણાત્મક અને અન્વેષણાત્મક યોજનાઓ, મિશ્ર પદ્ધતિ સંશોધનકાર્યના સોપાનો, આવી યોજનાઓની સબળાઈઓ તથા નબળાઈઓ)

## એકમ ૭: અધ્યાપનશાસ્ત્ર, પુખ્ત-અધ્યાપનશાસ્ત્ર અને માપન

અ. અધ્યાપનશાસ્ત્ર અને અધ્યાપનશાસ્ત્રીય વિશ્લેષણ- વિભાવના અને તબકકા, આલોચનાત્મક અધ્યાપનશાસ્ત્ર: અર્થ, જરૂરિયાત, અને શિક્ષક-પ્રશિક્ષણમાં એના સૂચિતાર્થો; અધ્યાપનનું સંગઠન: સ્મૃતિના

સ્તરે (હાર્બર્ટનું પ્રતિમાન), સમજના સ્તરે (મોરિસનનું અધ્યાપન પ્રતિમાન), ચિંતનાત્મક સ્તરે (બિગ્ગી અને હંટનું અધ્યાપન પ્રતિમાન); શિક્ષણમાં પુખ્ત-અધ્યાપનશાસ્ત્રની વિભાવના- અર્થ, સિદ્ધાંતો, સ્વ-નિર્દેશિત અધ્યાપનની ક્ષમતાઓ, પુખ્ત-અધ્યાપન શાસ્ત્રનો સિદ્ધાંત (માલ્કમ નોલિસ), અધ્યેતા સ્વાયત્તતાનું ગત્યાત્મક પ્રતિમાન

બ. માપન (assessment) - અર્થ, સ્વરૂપ, પરિપ્રેક્ષ્યો (અધ્યયન માટેનું માપન, અધ્યયનનું માપન), માપના પ્રકાર (નોકરીનું સ્થાન નક્કી કરવા (placement) માટે, રચનાત્મક, નિદાનાત્મક, સત્રાંત); હેતુ અને નીપજો વચ્ચેનો સંબંધ; બોધાત્મક (એન્ડરસન અને ક્રૌથોલ), ભાવાત્મક (ક્રૌથોલ) અને મનોશારીક (આર.એન.દવે) ક્ષેત્રના અધ્યનનું માપન

ક. શિક્ષણનાં અધ્યાપનશાસ્ત્રમાં માપન: પ્રતિપોષણ પ્રયુક્તિઓ- અર્થ, પ્રકાર, મૂલકો અને પ્રતિપોષણ પ્રયુક્તિ તરીકે માર્ગદર્શન; પોર્ટફોલિયોનું માપન, ચિંતનાત્મક જર્નલ, ક્ષેત્રકાર્યના મૂલ્યાંકન માટેનાં મુદ્દાવાળા ખાનાં-પત્રકો અર્થ અને રચના માટેનાં સોપાનો, ક્ષમતા આધારિત મૂલ્યાંકન, શિક્ષક-રચિત ICT સંસાધનોનું માપન

ડ. શિક્ષણના પુખ્ત-અધ્યયનશાસ્ત્રમાં માપન- વર્ગવ્યવહારનું વિશ્લેષણ: ફ્લેન્ડર્સ દ્વારા કરવામાં આવેલું વર્ગવ્યવહાર વિશ્લેષણ, વર્ગ વ્યવહાર વિશ્લેષણની ગેલોવેની પ્રણાલી (વર્ગમાં બનતા બનાવોની નોંધણી, વર્ગવ્યવહાર, મેટ્રીક્સની રચના અને અર્થઘટન); શિક્ષકોના મૂલ્યાંકન માટેના મુલકો (નિપજલક્ષી, પ્રક્રિયાલક્ષી અને ભવિષ્યલક્ષી); સ્વ અને સહાયકીના મૂલ્યાંકન માટેના મુદ્દાઓનું ખાનાં-પત્રક (અર્થ અને રચના કરવાના સોપાનો)

## એકમ ૮: શિક્ષણમાં/ની તકનિકી

અ. વિદ્યાશાખા તરીકે શિક્ષણની તકનિકીની વિભાવના: (માહિતી તકનિકી, પ્રત્યાયન તકનિકી, અને માહિતી તથા પ્રત્યાયન તકનિકી (ICT) અને અનુદેશ તકનિકી), વિવિધ શિક્ષણ પ્રણાલીઓમાં શૈક્ષણિક તકનિકીના ઉપયોગો (ઔપચારિક, અવૈધિક, મુક્ત અને દૂરવર્તી, અનઔપચારિક અને સમાવેશી); વર્તનવાળી, બોધાત્મક અને સંરચનાત્મક સિદ્ધાંતોનું વિહંગાવલોકન તથા અનુદેશ યોજનાઓ માટે તેના સૂચિતાર્થો (સ્કીનર, પિઆજે, ઓસુબેલ, બ્રુનર, વિગોસ્કી); અધ્યયન સીંધનાતો અને અનુદેશ પ્રયુક્તિઓ વચ્ચેના સંબંધો (મોટા અને નાના જૂથ માટે, ઔપચારિક અને અવૈધઈલ જૂથો માટે)

બ. અનુદેશ યોજનાઓ માટેનો પ્રણાલી અભિગમ, અનુદેશ યોજનાઓના વિકાસ માટેના પ્રતિમાનો (ADDIE, ASSURE, Dick અને કેરીનું તથા મેસનનું); ગેને દ્વારા સૂચિત અનુદેશની નવ ઘટનાઓ, સંરચનાવાદના પાંચ E, સંરચનાવાદી અનુદેશ યોજનાનાં નવ તત્વો; શિક્ષણમાં કમ્પ્યુટરના ઉપયોગો: CAI, CAL, CBT, CML; મુક્ત દૂરવર્તી અધ્યયન સામગ્રી (ODLM)ની વિભાવના અને તૈયાર કરવાનાં સોપાન; e-અધ્યયનની વિભાવના, e-અધ્યયનના અભિગમો (ઓફલાઈન, ઓનલાઇન, સમકાલીન, અસમકાલીન, સંમિશ્રિત અને મોબાઈલ અધ્યયન)

ક. e-અધ્યનના વિકાસમાં  પ્રવાહો: સામાજીક અધ્યયન (વિભાવના, અધ્યયન માટે વેબ ૨.૦ ઉપકરણોનો ઉપયોગ, સામાજિક નેટવર્કની સાઇટ, બ્લોગ, ચેટ, વિડિઓ કોન્ફરન્સ, ચર્ચા-ફોરમ); શિક્ષણના મુક્ત સંસાધનો-OER (સર્જનાત્મક, સામાન્ય, લોકસમૂહો માટે મુક્ત ઓનલાઇન અભ્યાસક્રમો (MOOCS)ની વિભાવના અને ઉપયોગો); e-સમાવેશન- e-સમાવેશનની વિભાવના, e-અધ્યયનમાં સહાયક તકનિકીનો ઉપયોગ; e-અધ્યાપનની ગુણવતા, e-પ્રણાલીની ગુણવતાનું માપન: માહિતી, પ્રણાલી, સેવા, ઉપયોગકર્તાનો સંતોષ અને નેટના ફાયદા (D & MIS સક્સેસ પ્રતિમાન-૨૦૦૩); e-અધ્યેતા અને e-અધ્યાપક માટે આચરણના સમસ્યાત્મક મુદ્દાઓ- અધ્યાપન, અધ્યયન અને સંશોધન

ડ. મૂલ્યાંકન પ્રસાશન અને સંશોધનમાં ICT ઉપયોગ: e-પોર્ટફોલિયો, સંશોધન માટે ICT ઓનલાઇન માહિતી સંગ્રહાલયો, ઓનલાઇન ગ્રંથાલયો, ઓનલાઇન અને ઓફલાઈન માપન ઉપકરણો (ઓનલાઇન સર્વેક્ષણ ઉપકરણો અથવા કસોટી તૈયાર કરી આપનાર)ની વિભાવના અને વિકાસ કરવાની પ્રક્રિયા

**એકમ ૯: શૈક્ષણિક વ્યવસ્થાપન, પ્રશાસન, અને નેતૃત્વ**

અ. શૈક્ષણિક વ્યવસ્થાપન અને પ્રશાસન - અર્થ, સિદ્ધાંતો, કાર્યો, અને અગત્ય; સંસ્થાનું નિર્માણ, POSDCORB, CPM, PERT, વ્યવસ્થાપન એક પ્રણાલી તરીકે, SWOT વિશ્લેષણ, ટેયલરવાદ, પ્રશાસન એક પ્રક્રિયા તરીકે, અમલદારશાહી તરીકે પ્રશાસન, પ્રશાસનનો માનવ-સંબંધ અભિગમ, સંસ્થાકીય અનુપાલન, સંસ્થાકીય વિકાસ, સંસ્થાકીય વાતાવરણ

બ.શૈક્ષણિક પ્રસાશનમાં નેતૃત્વ: અર્થ, સ્વરૂપ, નેતૃત્વના અભિગમો: ગુણલક્ષણો, રૂપાંતરકારી, વ્યવહારલક્ષી, મૂલ્ય-આધારિત, સાંસ્કૃતિક, મનોગત્યાત્મક અને કરિશ્માલક્ષી; નેતૃત્વનાં પ્રતિમાનો (બ્લેક અને માઉટનનું પ્રતિમાન, વ્યવસ્થાપન જાળ (GRID) ફાઇડલરનું કન્ટીનજન્સી પ્રતિમાન, ત્રિપરિમાણીય પ્રતિમાન, હેરસે અને બ્લાનડશાર્ડનું પ્રતિમાન, નેતા-સભ્ય અદલબદલ સિદ્ધાંત)

ક. ગુણવત્તા અને શિક્ષણમાં ગુણવત્તામાં શિક્ષણની વિભાવના: ભારતીય અને આંતરરાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય; ગુણવતાનું મૂલ્યાંકન: ઇન્સ્પેકશન, ગુણવતા નિયંત્રણ, ગુણવતાની ખાતરી, સંપૂર્ણ-ગુણવત્તા વ્યવસ્થાપન (TQM), સિક્સ સિગ્મા, ગુણવત્તા ગુરુઓ: વોલ્ટર શેવાર્ટ, એડવેર્ડ ડેમિંગ, સી.કે.પ્રહલાદ

ડ. પરિવર્તન વ્યવસ્થાપન: અર્થ, આયોજિત પરિવર્તનની જરૂરિયાત, ત્રિ-સોપાન પ્રતિમાં (વિશીતમ, ગતિમાન થવું, પુનઃશીતન); પરિવર્તનનાં જાપાનીઝ પ્રતિમાનો; જસ્ટ-ઈન-ટાઈમ, પોકા-યોગ, ગુણવત્તા પડતર, મૂલ્યાંકન પડતર, નિષ્ફળતા પડતર, અટકાવક્ષમ પડતર, પડતર-કિંમત અને નફાનું વિશ્લેષણ, પડતરના અસરપ્રમાણનું વિશ્લેષણ, ભારતીય અને આંતરરાષ્ટ્રીય ગુણવત્તા ખાતરી એજન્સીઓ: હેતુ, કાર્યો, ભૂમિકા અને તે માટેનાં ઉપક્રમો (NAAC), નિર્વર્તન દર્શકો, ભારતીય ગુણવત્તા પરિષદ (QCI), ઇન્ટરનેશનલ નેટવર્ક ફોર ક્વોલિટી એસ્યોરન્સ એજન્સીસ ઈન હાયર એજ્યુકેશન (INQAAHE)

**એકમ ૧૦: સમાવેશી શિક્ષણ**

અ. સમાવેશી શિક્ષણ: વિભાવના, સિદ્ધાંત, વ્યાપ, અને લક્ષ્યજૂથો (વિભિન્ન પ્રકારના અધ્યેતા, છેવાડાના જૂથ અને અક્ષમતા ધરાવનાર અધ્યેતાનું સમાવેશન); સમાવેશી શિક્ષણના દર્શનનો ઉદ્ભવ અને વિકાસ: વિશિષ્ટ, સમન્વિત, સમાવેશી શિક્ષણ, કાયદાકીય જોગવાઇઓ: નીતિ અને કાનૂન (શિક્ષણની રાષ્ટ્રીય નીતિ (૧૯૮૬), અમલીકરણ કાર્યક્રમ ( PoA૧૯૯૨), અક્ષમતા ધરાવનાર વ્યક્તિ ધારો (૧૯૯૫), અક્ષમતા અંગેની રાષ્ટ્રીય નીતિ (૨૦૦૬), રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા (NCF ૨૦૦૫), વિભિન્ન પ્રકારના અધ્યેતાઓ માટે વિશેષ છૂટ અને સુવિધાઓ (અભ્યાસલક્ષી અને નાણાંકીય), ભારતીય પુનર્વસન પરિષદ કાનૂન (૧૯૯૨), સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સમાવેશી શિક્ષણ, સંયુક્ત રાષ્ટ્રસંઘનું અક્ષમતા ધરાવનાર વ્યક્તિ માટેના અધિકારો પરનું અધિવેશન (UNCRPD) અને તેના સૂચિતાર્થો

બ. ખામી, અક્ષમતા અને અપંગતાની વિભાવના, ICF પ્રતિમાન આધારિત અક્ષમતાનું વર્ગીકરણ, શાળાની તત્પરતા અને સમાવેશનનાં પ્રતિમાન; વિભિન્ન પ્રકારના અધ્યેતાનો વ્યાપ, પ્રકાર, લક્ષણો અને શૈક્ષણિક જરૂરિયાતો; બૌદ્ધિક, શારીરિક અને બહુવિધ અક્ષમતાઓ; અક્ષમતાનાં કારણો અને અટકાવવાનાં ઉપાયો; સમાવેશન માટે વિભિન્ન પ્રકારના અધ્યેતાઓની ઓળખ, શૈક્ષણિક મૂલ્યાંકનની પદ્ધતિઓ, પ્રવિધિઓ અને ઉપકરણો

ક. સમાવેશી વર્ગખંડોનું આયોજન અને વ્યવસ્થાપન: આધારમાળખું, માનવ સંસાધન અને અનુદેશ વ્યવહારો, અભ્યાસક્રમ અને વિભિન્ન પ્રકારના અધ્યેતાઓ માટે અભ્યાસક્રમનું રૂપાંતર, વિભિન્ન અધ્યેતાઓ માટે સહાયક અને રૂપાંતરિત તકનિકી: નીપજ (સાધનો અને ઉપકરણો), પ્રક્રિયા (વ્યક્તિલક્ષી શિક્ષણ યોજના, ઉપચારાત્મક અધ્યાપન); વાલી-વ્યાવસાયિકોની સહભાગિતા: વાલી, સહાધ્યાયીઓ, વ્યાવસાયિકો, શિક્ષકો અને શાળાની ભૂમિકા

ડ. સમાવેશી શિક્ષણમાં અવરોધો અને સુવિધકર્તાઓ: સામાજિક અને શૈક્ષણિક વલણો, ભારતમાં સમાવેશી શિક્ષણની હાલની સ્થિતિ અને આચરલક્ષી સમસ્યાઓ; ભારતમાં સમાવેશી શિક્ષણનાં સંશોધનના પ્રકારો